# ઘણી બિમારીનું ઔષધ આદુ

વૈદ્ય રાજલ શુક્લ

આયુર્વેદમાં ચરકસંહિતા નામના ગ્રંથની શરૂઆતમાં કહ્યું છે કે આ ગ્રંથમાં છે તે કદાચ બીજે હોઇ શકે, પરંતુ આ ગ્રંથમાં જે નથી તે બીજે ક્યાંય નથી. ચિકિત્સા-વિજ્ઞાનના મૌલિક તત્ત્વોનું જેટલું ઉત્તમ વિવેચન આ ગ્રંથમાં કર્યું છે તે બીજે ક્યાંય નથી, તેથી આજે ઉપલબ્ધિ બધી જ સંહિતાઓમાં 'ચરકસંહિતા' નામનો ગ્રંથ સર્વશ્રેષ્ઠ છે. તેમાં લખ્યું છેઃ ભોજનાગ્રે સદા પથ્યં લવણાર્દ્રક સોન્નભમ્, એટલે કે ભોજન કરતાં પહેલાં આદુને લવણ (સૈંધવ) સાથે ખાવું દરેક ઋતુમાં તથા દરેક વ્યક્તિ માટે હંમેશા અનુકૂળ છે. આજનું રિસર્ચ કહે છે કે આદુ એ Sialagogue actionને કારણે Saliva (લાળ)ની માત્રામાં વધારો કરીને ગળવાની પ્રક્રિયાને સરળ બનાવે છે.

આર્દ્ર એટલે કે ભીનું હોય ત્યારે આદુ નામથી ઓળખાય અને સૂકું થાય એટલે સૂંઠ નામથી પ્રચલિત ઔષધને વિશ્વભેષજ, મહૌષધ, નાગર, શૃંગવેર, વિશ્વા વગેરે નામથી ઓળખવામાં આવે છે.

આદુના કંદને વાંસના ટુકડાથી રગડીને તેની છાલ કાઢી નખાય છે, પછી પાણીથી સાફ કરાય છે. ઘણી વખત સફેદ રંગની સૂંઠ મેળવવા માટે ૧૨ લીટર પાણીમાં ૧ કિલો ચૂનો નાખી એક દિવસ રાખી મૂકાય છે. છ-સાત દિવસ સવારના કૂંણા તડકામાં સૂકવી છાયા-શુષ્ક કરવાથી સૂંઠ પ્રાપ્ત થાય છે.

રાસાયણિક સંગઠનની દૃષ્ટિએ આદુમાં



દીપાવલી વિશેષ